→ નામ : સોલંકી કિરના મનુજી

→ ઉંમર : ૨૬

→ મોબાઈલ નં. : 8238027950


→ વિષય : નિબંધ

૨. Inclusive Society for Divyang - My Dream.

(દિવ્યાંગ માટેનો સમાવેશી સમાજ - મારું સપનું.)

→ આપના ભારતમાં ૩ ડિસેમ્બરનાં રોજ વિશ્વ-વિકલાંગ દિવસ ઉજવવામાં આવે છે. આપણા ભારતમાં ૩ ડિસેમ્બરનાં રોજ દિવ્યાંગોને લગતા વિવિધ પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવે છે. અને જરૂરિયાત મંદ દિવ્યાંગોને ટ્રાયસિકલ, બગલ ઘોડી, વ્હિલચેર. વગેરે આપવામાં આવે છે. મોટા ભાગના પ્રોગ્રામો હંમેશાં આવી રીતે જ કરવામાં આવે છે.

આવા પ્રોગ્રામોનું આયોજન મોટા પાયા પર કરવામાં આવે છે. જેમ કે, મોટી-મોટી સંસ્થા, સ્કૂલ, કોલેજો અને વિવિધ N.G.O. દ્વારા કરવામાં આવે છે. અથવા રાખવામાં આવે છે એમ કહીએ તો પણ ચાલે. આ એક દિવસ માટે જ દિવ્યાંગ વ્યક્તિને મદદ કરવા જાણે આખો સમાજ ઉભો જ હોય છે ટ્રાયસિકલ, બગલ-ઘોડી. વ્હિલચેર, બ્રેઇલ, સ્ટિક, બધુ આપીને એક દિવસ માટે પુરા કરવામાં આવે છે. જ્યારે એવું કોઈ નથી વિચારતુ કે આ બધી વસ્તુ કે સાધનો કેટલા દિવસ ચાલશે, એના કરતા એને કોઈ કામ કે જોબ આપીને આત્મનિર્ભર જીવન જીવતાં બનાવીએ. કે કોઈ આર્થિક રીતે પોતાના પગ પર ઉભુ રહી શકે. પોતાના

સપના પોતે પુરા કરી શકે.

દિવ્યાંગ હોવું એ કોઈ અભિશાપ નથી, પણ કોઈપણ વ્યક્તિના વિચારને બદલી પણ તો નથી શકાતું. દિવ્યાંગ વ્યક્તિ પણ કોઈપણ સામાન્ય વ્યક્તિથી કમ નથી. દિવ્યાંગ પણ દરેક કામ કરી શકે છે, જે સામાન્ય વ્યક્તિઓ કરી શકતા હોય છે. એક દિવ્યાંગ વ્યક્તિ પણ આસમાની દરેક બુલંદી પાર કરી શકે છે. જેને પાર કરવા માટે સામાન્ય વ્યક્તિ પણ સપના જોતું હોય છે, બસ દિવ્યાંગને એવો માહોલ અને જરૂરિયા પુરતા સંસાધનની જરૂરત છે.

## સમાવેશી સમાજ :-

સમાજ એટલે જેમાં અલગ-અલગ લોકોનો સમાવેશ થયેલો હોય છે. એમાં નાના, મોટો, વૃદ્ધ, જવાન દરેક આ વ્યક્તિઓ આવી જાય છે. અથવા સમાવેશ થાય છે. એમ પણ કહી શકાય છે. સમાજનો લોકો દ્વારા બનાવવામાં આવે છે. એમાં બધાને સરખા માનવામાં આવે છે. એક સમાન ગણે છે. એ જ સમાજમાં જો બધાને એક સમાન માનવામાં આવે છે તો એક દિવ્યાંગ વ્યક્તિને જ કેમ સમાજ બહાર ગણવામાં આવ્યું છે. સમાજ દિવ્યાંગોને એનાથી અલગ જ માને છે. બાકી બધાનો જ એમાં સમાવેશ થયેલો ગણાય છે માત્ર એક દિવ્યાંગને જ અલગ માનવામાં આવે છે એનાથી. જેમ કે કોઈ Job કરતા હોય તો ત્યાં બીજા Normal લોકો પણ હોય છે એ બધા ત્યાં કોઈ દિવ્યાંગ જોબ કરતુ હોય તો તેને અલગથી ગણે છે. એના પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે. એની સાથે અલગ જ વર્તન કરતા હોય છે. બધાના આવા અલગ વર્તન હોવાથી પછી તે વ્યક્તિ પોતાનો સમાવેશ કરી શકતો નથી. અથવા જોબ જ છોડી દે છે. આવુ અલગ વર્તન હોવાને કારણે દિવ્યાંગ વ્યક્તિ તેમની સાથે હળીમળી ન રહી શકતો

નથી તેને પછી એ બધા સાથે વાતચીત કરવામાં પણ સંકોચ લાગે છે. કંઈપણ share કરી શકતો નથી. દિવ્યાંગ વ્યક્તિઓને Job આપવામાં પણ લોકો સંકોચ કરતા હોય છે. આજના સમયમાં જોબ મળતી જ નથી. કેમ કે દિવ્યાંગને કોઈ જોબ આપવાનું પસંદ કરતું જ નથી. કેમ કે office માં જેટલું કામ Normal લોકો કરી આપે છે એટલું એક દિવ્યાંગ કરી આપતા નથી કરી શકતા નથી જેવું કે આ લાવી આપવી, ફોન Repairing કરાવા જવું, ઘરનું કોઈ કામમાં હેલ્પ વગેરે. માટે Job આપવામાં first choice Normal ની કરે છે. અને અત્યારના સમયમાં જોવા જઈએ તો એક Normal વ્યક્તિ કરતા પણ વધારે ડિગ્રી ધરાવતા દિવ્યાંગો જોવા મળે છે. વધુ ડિગ્રી ધરાવતા હોવા છતા પણ કોઈ Job મળી રહેતા નથી. કેમ કે જો સમાજ એમનો સમાવેશ કરતો નથી તો બાકી લોકો શું કરી શકવાના. જો આમને આમ ચાલતું રહ્યું તો એક દિવ્યાંગ ને જોબ મળી શકશે નહિ. govt. job એક એનું સપનું જ બની ને રહી જશે.

જોબ જો મળી પણ જાય તો ત્યાં કોઈ પણ પ્રકારની વ્યવસ્થા નથી હોતી. વ્યવસ્થા ના હોવાને કારણે તકલીફો વધુ પડે છે. જેમ કે જવા આવવામાં, ચઢવા ઉતરવામાં, એવી બધી તકલીફોને લીધે પણ દિવ્યાંગ Job થી વંચિત રહી જાય છે. આર્થિક રીતે પગભર થવાનું સપનું તૂટી જાય છે. જો સમાજમાં એને પણ એક હિસ્સો માનવામાં આવે તો તે પગભર થવામાં કોઈ પણ તકલીફ નહિ રહે. તેને પણ તેના માટે કે તેને લગતી અલગ વ્યવસ્થાપન મળી રહેશે. આ બધુ ત્યારે જ થઈ શકશે. જ્યારે સમાજમાં તેને સ્થાન (Accept) કરવામાં આવશે. સમાજ જો દિવ્યાંગ વ્યક્તિને તેનો હિસ્સો માની ને તેને લગતી વ્યવસ્થા કરશે તો લાખો દિવ્યાંગો job થી કે કોઈપણ કામ થી વંચિત નહિ રહી શકે. તેને કોઈ જોડે આર્થિક સહાય માટે હાથ લંબાવા વો નહિ પડે. તે પોતાની રીતે કામ કરીને સ્વાભિમાન ભર્યું જીવન (Life) જીવી શકશે. આમ લોકોની જેમ એ પણ પોતાના

Life ના સપના જોતો હોય છે. જેમ કે આમ લોકોની જેમ પોતાની family ની આર્થિક રીતે સહાય કરતા રહેવું. એમના સપના પુરા કરવા વગેરે.

વિકલાંગ હોવાને કારણે વ્યક્તિ સમાજમાં પણ વધુ જઈ શકતો નથી. Normal વ્યક્તિની જેમ એ સમાજમાં વધુ હરીફરી શકતો નથી. કારણ કે, સમાજમાં દિવ્યાંગ વ્યક્તિની ઘણી મજાક પણ ઉડાવવામાં આવતી હોય છે. ત્યાં અમુક એવા લોકોને કારણે પણ દિવ્યાંગ કોઈ મેરેજ કે કોઈ પ્રસંગમાં જવાનું ટાળે છે. માટે જો સમાજ બદલવો હોય તો તેની પેહલા સૌથી પ્રથમ શરૂઆત આપણા ઘરથી જ કરવી પડે. અમુક દિવ્યાંગો એવા પણ હોય છે કે તેમને તેમના પરિવાર તરફથી કોઈ જ હેલ્પ મળતી નથી. સમાજ તો શું પણ પોતાનો પરિવાર જ Accept ના કરી શકતો હોય તો પછી બીજાઓને બદલવાની આશા જ શું રહે. અમુકવાર એવું પણ બનતું આવે છે કે પોતાના જ family વાળાઓને પોતાના દિવ્યાંગ બાળક સાથે જતા આવવામાં શરમ લાગે છે. જેમ કે કોઈ પ્રસંગમાં જવાનું હોય ત્યાં સગાઓ ભેગા થવાના હોય વગેરે જગ્યા પર જતા આવવામાં શરમ લાગતી હોય છે. આના કારણે દિવ્યાંગ વ્યક્તિ બહાર જવાનું પસંદ કરતા નથી તેનાથી પણ તે વંચિત રહી જાય છે. માટે જો આપના ઘરથી જ શરૂઆત થાય બદલાવની તો સમાજમાં પણ બદલાવ કે સ્થાન મળી રેહશે. માટે સમાજમાં પોતાનું સ્થાન હોવું જરૂરી બની ગયું છે. સમાજ દિવ્યાંગોનો પણ કોઈ આમ વ્યક્તિની જેમ સમાવેશ કરે તો તેને કોઈ પણ કાર્યમાં તકલીફ નહિ રહે. તેની બધી તકલીફો દુર થઈ જશે. ને શરમ કે સંકોચ અનુભવી નહિ શકે. એ પણ normal લોકોની જેમ આમ life જીવી શકશે. એના પણ સપના (Dream) પુરા કરી શકશે.

## બેરોજગારી :-

શહેર કરતાં ગામડાંઓમાં વધુ સંખ્યામાં બેરોજગાર છે. દિવસે ને દિવસે બેરોજગારીનો પ્રશ્ન વધતો રહ્યો છે. ગામડાઓમાં રહેતા દિવ્યાંગ ભાઈઓ બહેનો માટે કોઈ પ્રકારની માહિતી ના હોવાને કારણે મહામારી વધી રહી છે. તથા ગામથી શહેર દૂર હોવાને કારણે કોઈ માહિતી પૂરી પડતી નથી. તેના લીધે તેને કોઈ કામ કે ધંધાની ખબર રહેતી નથી. ધંધો કરવા માટે સરકાર શું-શું લાભ આપી રહી છે તેની પણ જાણ હોતી નથી. અમુકવાર કામ કે ધંધાની જગ્યા દૂર હોવાને કારણે જવા આવવામાં તકલીફો પડે છે. દિવ્યાંગ પાસે કોઈ સાધનની વ્યવસ્થા ન હોવાને કારણે પણ તે કાર્યથી વંચિત રહી જાય છે. બેરોજગાર હોવું એ દિવ્યાંગ માટે મોટી મહામારીનો પ્રશ્ન ઊભો થયો છે. બેરોજગાર હોવાને કારણે દિવ્યાંગ વ્યક્તિ આગળના સપના પણ જોઈ શકતો નથી. તેના સપના ત્યાંના ત્યાં જ અટકી જાય છે. તેના marriage ના સપના પણ તૂટી જાય છે. કારણ કે બેરોજગાર હોવાને કારણે કોઈ સાથે ઘર વસાવીને પણ શું કરવું, આર્થિક રીતે બચાવીને કઈ રીતે પહોંચી વળવું એ મોટો પ્રશ્ન છે એક દિવ્યાંગ વ્યક્તિ માટે. એક વ્યક્તિ હોવાને કારણે તેની પણ ઈચ્છા હોય છે કે તે પણ સામાન્ય (normal) લોકોની જેમ પોતાની life ના સપના (dream) પૂરા કરે. તે પણ એક પોતાની family બનાવે અને સામાન્ય લોકોની જેમ જીવન જીવે. આ બધું ત્યારે જ શક્ય છે જ્યારે તેને કોઈ કાર્ય કે ધંધો કરવામાં help મળી રહે. દિવ્યાંગ વ્યક્તિને સાધન એક વાર આપીને અહેસાન ના કરો એક સાધન આપી આપીને ફેરવવું ચાલવાનું છે એના કરતાં એ કઈ રીતે પગભર થઈ શકે છે, એવો વિચાર કરી એને કોઈ કાર્ય કે ધંધા માટે સગવડ પૂરી કરો. જેને કારણે તે પોતે તેનો જીવન નિર્વાહ ચલાવી શકે. તેને કોઈ એક આર્થિક સહાય માગવી ના પડે. પોતાના સપના ને સાકાર કરી શકે. ગામડાંઓમાં

રહેતા દિવ્યાંગોના હક, તક અને અધિકારો છીનવાઈ રહ્યા છે. શહેર કરતાં ગામડાંઓમાં રહેતા દિવ્યાંગોની પરિસ્થિતિ ખુબ નાજુક છે. બેરોજગારી પણ વધુ ને વધુ વધી રહી છે. સરકાર પાસે દિવ્યાંગોની બેરોજગારી દુર થાય તેવી કોઈ પોલીસી કે આયોજન નથી? કોઈપણ સરકારી યોજનાઓની હજુ પુરતી જાણકારી દિવ્યાંગો સુધી પોહચતી જ નથી. તેઓ દ્વારા પણ દિવ્યાંગોને ક્યાંક ને ક્યાંક હડધુત કરવામાં આવે છે. રમત-ગમતના મેદાનમાં પણ જોઈએ એટલી ફેસીલીટી નથી મળતી બરાબર દિવ્યાંગ ખેલાડીઓ માટે ત્યાં જેમી શકે એવી કોઈ વ્યવસ્થા પણ નથી કરવામાં આવતી. આ આવી બધી બાબતોથી બેરોજગારીનો પ્રશ્ન વધી રહ્યો છે.

આજકાલ વિકલાંગ વ્યક્તિને જોબ મળે એ એના માટે એક સપનું જ બની ગયું છે. કારણ કે, હજુ પણ સમાજમાં આવું વિચારવા વાળા છે. કે આ દિવ્યાંગ વ્યક્તિ શું કામ કરી શકશે? આ વ્યક્તિ મારી કોઈ બીજા કામમાં આવશે ખરો, વગેરે વગેરે. આથી હંમેશાં સારી જોબ મળતી રહે તે દરેક વ્યક્તિનું સપનું જ બની રહી જાય છે. વિકલાંગો પણ સમાજનું જ એક અંગ છે. આથી જોબ ના હોવાને કારણે તે marriage પણ થશે કે નહિ તે તેનું એક સપનું જ બની રહે છે. આજના સમયમાં એક દિવ્યાંગ વ્યક્તિને 30-35 age માં પણ marriage નથી થતા. કેમ કે તે બેરોજગાર વ્યક્તિ છે માટે. બેરોજગારીને કારણે એક દિવ્યાંગ વ્યક્તિ માટે આમ life જીવવી મુશ્કેલ બની ગયી છે.

✱ સરકારી કાર્યાલયોમાં પડતી અગવડો :-

દિવ્યાંગ વ્યક્તિ માટે સરકારી કાર્યાલયોમાં જવા-આવવામાં પડતી મુશ્કેલીયાં પણ વધુ વધી રહી છે. જેમ કે ત્યાં જવા માટે અલગ વ્યવસ્થા ના હોવી. કોઈ દિવ્યાંગ Blind હોય તો તેને લગતી કોઈ જ વ્યવસ્થા ત્યાં નથી.

મળી રહેતી. તો ત્યાં કઇ રીતે જઇ શકશે. એવો કોઇ સરળ માર્ગ નથી હોતો. અને જે પણ દિવ્યાંગ ભાઇઓ-બહેનો job કરતી હોય છે ત્યાં ચડવા ઉતરવાની કોઇ વ્યવસ્થા નથી કરી આપવામાં આવતી. નોર્મલ લોકો તો સીડી થી સરળ રીતે ચડી ઉતરી શકે છે. પણ જો કોઇ દિવ્યાંગ ભાઇ કે બહેન હોય તો તે ચડી ઉતરી નથી શકતાં. માટે તેને લગતી કે તેને ધ્યાનમાં રાખીને કોઇ લીફ્ટ કે રેમ્પ ની સગવડ બનાવી જોઇએ. જેથી કરી એ પણ પોતાની જાતે જ સરકારી કાર્યાલયોમાં જઇ-આવી શકે. એ જ રીતે સમજો કે કોઇ દિવ્યાંગ બેન હોય અને તે બેસીને ચાલતી હોય તો તેને office માં bathroom ની વ્યવસ્થા નજીક હોવી જોઇએ., જેથી કરી તે સરળતાથી જઇ જશે રાંધવુ ના પડે તેને. તે જ રીતે આવા જ્યા માટે જો કોઇ સાધન લઇને (રીક્ષા) લઇને આવતું હોય તો નજીકમાં Parking ની વ્યવસ્થા હોવી જોઇએ જેના કારણે તેને વધુ તકલીફો નો સામનો ના કરવો પડે. કોઇ Blind વ્યક્તિ હોય તો તેની મુજબ ની વ્યવસ્થા હોવી જરૂરી છે જેથી કરી તે તેની રીતે હરીફરી શકે. જેમ કે એ લોકો માટે પકડીને ચાલી શકાય એ માટે રેલીંગની વ્યવસ્થા તથા સાઇટ એ પ્રમાણે લગાવી જોઇએ જેથી કરી તેના સ્પર્શથી પણ તે જ્યાં જવુ હોય ત્યાં આપમેળે જઇ આવી શકે. અમુકવાર સરકારી દફતરોમાં પણ આવા બનાવો બનતા હોય છે. જેમ કે આપણે જો કોઇ માહિતી કે ફોર્મ ભરવા માટે જઇએ તો ત્યાં કર્મચારીઓ દ્વારા સરખી માહિતી કે જવાબ આપવામાં નથી આવતો. વારંવાર ધક્કા ખાવા પડે છે. તેજ રીતે Sivil City માટે પણ એવું જ થાય છે, ત્યાં ઘણા બધા rooms બદલવા પડે છે તો ત્યાં એક wheel-chair ની પણ વ્યવસ્થા નથી હોતી ચાલીને જ બધી જગ્યા પર જવુ પડે છે. એવી જ રીતે સરકારી bus માં પણ એવું જ થાય છે. દિવ્યાંગ માટે special સીટ તો રાખવામાં આવી છે પણ એ સીટ ખાલી હોતી જ નથી. માટે ઘણી બધી તકલીફોનો ભોગ બનવુ પડતુ હોય છે એક દિવ્યાંગ વ્યક્તિને.

આથી હું દરેક દિવ્યાંગ ભાઈ-બહેન ને એટલું જ કહીશ કે જે સમજું હોય એ સમજે આપણે આપણી રીતે પ્રયત્ન કરતા રહેવું જોઈએ. આપણે આપણી મોજ મસ્તીમાં રહેવું જોઈએ, એ લોકોને પણ થવું જોઈએ કે આને આટલી તકલીફ છે છતાં કાયમ હસતા જ રહે છે બાકી તકલીફ તો રહેવાની.